सत्यमेव जयते

GJJM020173732024

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ: | ૨૭/૧૧/૨૦૨૪ | | |
| દાખલ થયા તારીખ: | ૨૭/૧૧/૨૦૨૪ | | |
| ફેસલ થયા તારીખ: | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ: | માસ : | દિવસ: |
| | ૦૧ | ૦૩ | ૨૧ |

**જામનગરના મ્હે.શ્રી પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જામનગર.**

**કોમર્શિયલ સિવિલ સ્યુટ નં.૪૪/૨૦૨૪**
**આંક :-**

વાદી :- **ROLEX METALS COMPONETS**
**PROPRIETORSHIP FIRM**
**Through its prop: CHIRAG MAKANBHAI MUNGARA**
**AGE.: 34, OCCU. BUSINESS**
**ADD.: PLOT NO.4763, PHASE-3,**
**G.I.D.C.DARED, JAMNGAR-382026**
**GUJRAT.**

**–:: વિરૂધ્ધ ::–**

**પ્રતિવાદીઓ:–**

(1)**SOIGNER TECHNOLOGY PVT.LTD.**
REGD. OFFICE: E–73, ELECTRONICES
ESTATE, GIDC, SECTOR–26
GANDHINAGAR–382026.
Email ID: casipatel@gmail.com

(2) **PIYUSH LAXMANBHAI YADAV (Director)**
**SOIGNER TECHNOLOGY PVT.LTD.**
OCCU. BUSINESS,
OFFICE: E–73, ELECTRONICES ESTATE,
GIDC, SECTOR–26 GANDHINAGAR–
382026.

(3) **LAXMANBHAI RAMBHAI YADA (Director)**
**SOIGNER TECHNOLOGY PVT.LTD.**
OCCU. BUSINESS,
OFFICE: E–73, ELECTRONICES ESTATE,
GIDC, SECTOR–26 GANDHINAGAR–382026.

**બાબત :– રૂા.૪,૦૮,૮૪૮/– વસુલ મેળવવા...**

| | |
|---|---|
| વાદી તરફે વિ.વ.શ્રી | પી.એમ.અંગભી |
| પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી | બી.એસ.દત્તા |

## –:: ચુકાદો ::–

(૧) વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદી જામનગર મુકામે ROLEX METALS COMPONETS ના નામથી બ્રાસ પ્રોડકટસનું ઉત્પાદન તથા વેંચાણ કરે છે અને વાદી આ પ્રોપઈરાટરી પેઢીના પ્રોપરાઈટર છે. આ કામના પ્રતિવાદી નંબર : ૧ SOIGNER TECHNOLOGY PRIVATE LIMITED નામની લીમીટેડ કંપની છે અને પ્રતિવાદ નંબર : ૨ અને ૩ વાળા કંપનીના ડાયરેકટર અને જવાબદાર વ્યક્તિઓ છે. વાદી દ્વારા બ્રાસ પ્રોડકટસની આઈટમો અલગ–અલગ ઈનવોઈસ મુજબ પ્રતિવાદીઓને માલ સપ્લાય કરવામાં આવેલ હતો.

(૧.૧) વાદી વધુમાં પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવે છે કે, વાદીએ પ્રતિવાદીની જરૂરીયાત અનુસાર પ્રતિવાદીને રૂા.૫,૫૮,૮૪૮/– ALUMINIUM LOCK BODY બ્રાસ પ્રોડકટસનો માલ ઈનવોઈસ નં. ૧૯/૨૨–૨૩, તા.૦૩/૧૧/૨૦૨૨ ના ઈનવોઈસની વિગતે માલ સપ્લાય કરેલ હોય અને તે વેંચાણ વ્યવહારો અન્વયે વાદીને તા. ૨૮/૦૯/૨૦૨૨ ના રોજ રકમ રૂા.૧,૦૦,૦૦૦/તથા તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ રૂા. ૫૦,૦૦૦/– પણ ચુકવેલ હોય, પ્રતિવાદીઓએ વાદીની કાયદેસરની બાકી લેણી રકમ અન્વયે રૂા.૧,૫૦,૦૦૦/– પુરા જમા કરાવેલા છે અને છેલ્લે બાકી રહેતી રકમ રૂા.૪,૦૮,૮૪૮/– વાદીની પ્રતિવાદી પાસે કાયદેસરની લેણી રકમ લેવાની બાકી રહે છે. જે રકમ પ્રતિવાદી દ્વારા ચુકવી આપવામાં ઓવેલી ન હોવાથી વાદીએ હાલનો દાવો કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે, તેવું વાદી જણાવે છે. વાદી દ્વારા પ્રતિવાદી કંપનીને બુક્સ ઓફ એકાઉન્ડ નિભાવવામાં આવે છે, જેમાં પ્રતિવાદીને પુરા પાડવામાં આવેલા માલ અંગે અલગ–અલગ ઈન્વોઈસ દર્શાવવામાં આવેલા છે જે મુજબ પ્રતિવાદીને માલ વેચાણથી આપવામાં આવેલો છે. વાદીના હિસાબ મુજબ દાવો કરવામાં

આવ્યો તે તારીખે પ્રતિવાદી પાસેથી લેવાની બાકી રહેતી રકમ રૂપિયા ૪,૦૮,૮૪૮/- થાય છે. એવી હકીકત જણાવી વાદીએ હાલનો દાવો રજૂ કરેલો છે અને દાવા અરજીના પેરા-૧૦ માં માગ્યા મુજબની જુદી જુદી દાદ માંગવામાં આવેલી છે.

(૨) વાદી દ્વારા હાલનો દાવો દાખલ થતા તેમને દાખલ લઈ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ નોટીસ ઇસ્યુ કરવામાં આવેલી. જે નોટીસ પ્રતિવાદીઓને ધોરણસર બજી જતા પ્રતિવાદીઓ પોતાના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થયેલા અને વાદીની મુળ દાવા અરજીનો વિગતવારનો જવાબ આંક-૧૦ થી રજુ કરવામાં આવેલો છે. સદરહુ જવાબમાં પ્રતિવાદીએ વાદીના દાવા અરજીની હકીકતનો પેરા વાઈઝ ઈન્કાર કરેલ છે અને વધુમાં એવું જણાવેલ છે કે, પ્રતિવાદી દ્વારા વાદીને કોઈ ઓર્ડર આપવામાં આવેલો નથી. વાદી દ્વારા પ્રતિવાદી કંપનીને સ્માર્ટ લોકના સેમ્પલ મોકલવામાં આવેલા હતા જે સેમ્પલ પ્રતિવાદી દ્વારા ચકાસવામાં આવેલા અને સેમ્પલ રીઝેક્ટ કરવામાં આવેલા છે. પ્રતિવાદીના કહેવા મુજબ વોટ્સએપ ઉપર વાદીને આ લોકની ખામી દર્શાવતા ફોટાઓ મોકલવામાં આવેલા હતા. વાદી દ્વારા એવી ખાતરી આપવામાં આવેલી હતી કે તેઓ દ્વારા બનાવવામાં આવેલા સ્માર્ટ લોકમાં જે કોઈ ખામી રહી જવા પામેલી છે તે તેઓ સુધારી દેશે અને વાદી દ્વારા તેવા ખર્ચને પહોચી વળવા માટે રૂપિયા ૧,૦૦,૦૦૦/- એડવાન્સ આપવા માટેની અરજી કરવામાં આવેલી જે મુજબ પ્રતિવાદી દ્વારા તેવી રકમ વાદીને પુરી પાડવામાં આવેલી હતી. પ્રતિવાદીના કહેવા મુજબ આ રકમ ભવિષ્યમાં વાદી દ્વારા ખામી વગરનો જે માલ પુરો પાડવાનો થતો હતો તેમાંથી મજરે લેવાની હતી, પરંતુ વાદી દ્વારા બનાવવામાં આવેલા તેવા સ્માર્ટ લોકની ખામી વાદીએ દુર કરી આપેલી નહીં જેથી પ્રતિવાદી દ્વારા વાદીને કોઈ ઓર્ડર આપવામાં આવેલો નથી. આ હકીકત હોવા છતાં વાદીએ પ્રતિવાદીની પુર્વ મંજુરી વગર અને કોઈપણ પ્રકારના ઓર્ડર વગર માલ મોકલી આપેલો હતો, જે માલ ખામી ભરેલ હોવાથી આજે પણ પ્રતિવાદી પાસે તે જ સ્થિતિમાં પડી

રહેલો છે. આ માલ પાછો લઈ જવા માટે વાદીને અનેક વખત જણાવેલ હોવા છતાં આ માલ પરત લઈ જવામાં આવેલો નથી જે પ્રતિવાદી માટે કોઈ કામનો નથી. વધુમાં પ્રતિવાદી એવી હકીકત પણ જણાવે છે કે, જી.એસ.ટીની રકમને પહોચી વળવા માટે વાદીએ વધુ રૂપિયા ૫૦,૦૦૦/– પ્રતિવાદી પાસેથી માંગેલા, વાદીની તેવી જરૂરીયાત પુરી પાડવા માટે પ્રતિવાદીએ રૂપિયા ૫૦,૦૦૦/– ની રકમ વાદીને ચુકવી આપેલી હતી. આમ, પ્રતિવાદીના કહેવા મુજબ પ્રતિવાદીએ કોઈપણ ઓર્ડર આપેલ ન હોવા છતાં અને વાદી દ્વારા મોકલવામાં આવેલા સેમ્પલ લોકમાં ખામી હોવા છતાં તે ખામી દુર કર્યા વગર વાદીએ પ્રતિવાદીને દાવા અરજીમાં જણાવ્યા મુજબનો માલ મોકલી આપેલો છે. જેથી તેની કોઈપણ રકમ ચુકવવા માટે પ્રતિવાદી જવાબદાર નથી. આ માલ પ્રતિવાદી માટે બિન–ઉપયોગી છે, એવી હકીકત જણાવી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા વિનંતી કરેલી છે.

(૩) વાદી દ્વારા રજુ કરવામાં આવેલી દાવા અરજી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ વાંધા જવાબ અને રજુ કરેલા દસ્તાવેજી પુરાવા વિગેરે ધ્યાને લઈ મારા પુરોગામી શ્રી દ્વારા સદરહુ દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૧૧ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદી રોલેક્ષ મેટલ્સ કોમ્પોનન્ટ પ્રોડકસના નામથી બ્રાસ પોડકટસનું ઉત્પાદન તથા વેચાણ કરે છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદીઓ દ્વારા આપવામાં આવેલા ઓર્ડર મુજબ જુદી–જુદી તારીખોએ જુદા–જુદા ઈન્વોઈસથી માલ પૂરો પાડવામાં આવેલો હતો ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીને પૂરા પાડવામાં આવેલ માલ બાબતે પ્રતિવાદીઓ તરફથી ચુકવી આપવામાં આવેલ રકમ બાદ કરતાં રૂા. ૪,૦૮,૮૪૮/- ની રકમ વાદીએ પ્રતિવાદી પાસેથી કાયદેસર લેવાની બાકી રહેતી હતી ?

(૪) શું વાદી સાબિત કરે છે, ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ વાદીને બાકી રહેતી રકમ ચુકવી આપેલી ન હોય હાલનો દાવો કરવાનું કાયદેસરનું કારણ ઉપસ્થિત થયેલ છે ?

(૫) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, તેઓએ વાદી જણાવે છે તેવો કોઈ માલ મેળવવા માટેનો ઓર્ડર આપેલો ન હતો પરંતુ માત્ર માલનું સેમ્પલ મંગાવેલુ હતુ, જે રીજેકટ કરવામાં આવેલુ હતુ ?

(૬) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, માલમાં જે ખામી હતી તે સુધારી આપવાની વાદીએ ખાતરી આપેલી જેથી પ્રતિવાદીએ રૂપિયા એક લાખ વાદીને ચુકવેલા પરંતુ વાદીએ માલની ખામી દૂર કરી આપેલી નહીં ?

(૭) શું વાદી પ્રતિવાદી પાસેથી કોઈ વ્યાજ વસુલ મેળવવા માટે હકકદાર છે? જો હા, તો કયાં દરે ?

(૮) શું વાદી દાવા અરજીના પેરા-૧૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૯) શું હુકમ અને શું હુકમનામું?

(૪) ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.
મુદ્દા નં.૨ :– હકારમાં.
મુદ્દા નં.૩ :– હકારમાં.
મુદ્દા નં.૪ :– હકારમાં.
મુદ્દા નં.૫ :– નકારમાં.
મુદ્દા નં.૬ :– નકારમાં.
મુદ્દા નં.૭ :– હકારમાં.
મુદ્દા નં.૮ :– અંશતઃ હકારમાં.
મુદ્દા નં.૯ :– આખરી હુકમ મુજબ.

(૫) બાદમાં આ કામે વાદી તથા પ્રતિવાદી દ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: વાદીનો મૌખિક પુરાવો ::–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી ચિરાગ મકનભાઇ મુંગરાનું પુરાવાનું સોગંદનામું | ૧૩ |

**–:: વાદીનો દસ્તાવેજી પુરાવો ::–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ઇનવોઇસ બીલ નં.૧૯/૨૨–૨૩. | ૧૫ |
| ૨ | ઇ વે બીલ અસલ | ૧૬ |
| ૩ | વાદીના જી.એસ.ટી.સર્ટીફીકેટ | ૧૭ |
| ૪ | લેઝર એકાઉન્ટ | ૧૮ |
| ૫ | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસની ઓફીસ કોપી | ૧૯ |
| ૬ | રજી.એ.ડી.કર્યાની સફેદ પાવતી અસલ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૭ | પ્રતિવાદીને નોટીસ બજી ગયા સબબ પોસ્ટ ખાતાની વેબસાઇટ ઉપરથી લીધેલ પ્રીન્ટ આઉટ | ૨૧ |
| ૮ | નોન–સ્ટાર્ટરનો રીપોર્ટ | ૨૨ |
| ૯ | કલોઝીંગ પુરશીસ | ૨૮ |

**–:: પ્રતિવાદીનો દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | કલોઝીંગ પુરશીસ | ૨૯ |

(૬) આ સિવાય વાદી તથા પ્રતિવાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમાં અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે આંક–૨૮ થી તથા પ્રતિવાદી તરફે આંક–૨૯ થી કલોઝીંગ પુરશીસ રજુ કરીને પોતાનો પુરાવો બંધ થયેલાનું જાહેર કરેલ છે.

(૭) વાદી તરફે પોતાની દાવા અરજીના સમર્થનમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, વાદી દ્વારા માલ મોકલવામાં આવેલો હતો તે માલની રકમ મેળવવા માટે દાવો કરવામાં આવેલો છે. પ્રતિવાદીએ જવાબ રજૂ કરેલો છે, જેમાં માલ તેઓને મળી ગયેલ છે તે બાબતનો સ્વિકાર કરવામાં આવેલો છે. માલ ડિફેક્ટીવ છે તેવું જણાવે છે, પરંતુ તે બાબતે વાદીને કોઈ નોટીસ આપવામાં આવેલી નથી કે માલ પરત કરી દેવામાં આવેલો નથી. દાવો કરવામાં આવ્યો ત્યારબાદ માલ ડિફેક્ટીવ છે તેવી ખોટી તકરાર ઉઠાવેલી છે. વાદી દ્વારા દાવા અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો રજૂ કરેલા છે તેના ઉપરથી દાવાની હકીકત સાબિત થાય છે. આંક–૧૫ થી ઈન્વોઈસ બીલ રજૂ કરવામાં આવેલ છે તે મુજબનો માલ પુરો પાડેલો છે. આંક–૧૬ થી ઈ–વે બીલ રજૂ કરવામાં આવેલ છે. વી–ટ્રાન્સ લીમીટેડ કંપની દ્વારા આ માલ પ્રતિવાદીને પહોચાડવામાં આવેલો હતો. આંક–૧૭ થી જી.એસ.ટી સર્ટીફીકેટ રજૂ

કરવામાં આવેલ છે. આંક–૧૮ થી પ્રતિવાદીના લેઝર ખાતાનો ઉતારો રજૂ કરવામાં આવેલ છે. આંક–૧૯ થી દાવો કરવામાં આવ્યો તે પહેલાં પ્રતિવાદીને આપવામાં આવેલી લીગલ નોટીસની કોપી રજૂ કરવામાં આવેલ છે. આંક–૨૦ થી તે નોટીસ મોકલ્યાની પાવતી અને આંક–૨૧ થી નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવાનો દર્શાવતી પોસ્ટ ખાતાની પ્રિન્ટ રજૂ કરવામાં આવેલ છે. હાલનો દાવો કોમર્શીયલ કોર્ટ હેઠળનો હોય દાવો કરતાં પહેલા મિડીયેશનની કાર્યવાહી કરવામાં આવેલી તેનો નોન–સ્ટાર્ટર રીપોર્ટ આંક–૨૨ થી રજૂ કરવામાં આવેલ છે. આ તમામ દસ્તાવેજોથી વાદીએ દાવા અરજીમાં દર્શાવેલો વ્યવહાર સાબિત થાય છે. માલ ડિફેક્ટીવ હોવા બાબતે અગાઉ કોઈ તકરાર ઉઠાવેલી નથી. આ માલ ડિફેક્ટીવ છે તેવું બતાવવા પ્રતિવાદીએ કોઈ પુરાવો રજૂ કરેલ નથી, કોઈ રીપોર્ટ પણ રજૂ થયેલ નથી. પ્રતિવાદીએ પોતે જુબાની આપેલી નથી, જેથી માલ ડિફેક્ટીવ હોવાનું પ્રતિવાદી સાબિત કરી શકેલા નથી. વાદીને માલ પરત કરી દેવામાં આવેલો હોય તેવો પણ કોઈ પુરાવો નથી. વાદીને રૂપિયા ૧,૫૦,૦૦૦/– પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલા છે તેવું પ્રતિવાદી પોતાના જવાબમાં સ્વિકારે છે. જો વાદીનો માલ ડિફેક્ટીવ હોય અથવા તો આવો કોઈ ઓર્ડર આપેલો ન હોય તો પ્રતિવાદી રકમ ચુકવે નહીં. આમ, પ્રતિવાદી તદ્દન ખોટી હકીકત જણાવીને બચાવ કરતાં હોય તેમનો બચાવ અમાન્ય ગણી દાવો મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૮) પ્રતિવાદી દ્વારા પોતાના બચાવ અનુસંધાને આંક–૩૦ થી લેખિત દલીલ રજૂ કરવામાં આવેલી છે,જેમાં તેઓએ દાવા અરજીના તેઓના જવાબ મુજબની હકીકતો ફરીથી જણાવેલી છે. તેઓના કહેવા મુજબ પ્રતિવાદીએ કોઈપણ ઓર્ડર આપેલ ન હોવા છતાં વાદીએ સેમ્પલ લોક મોકલી આપેલા હતા. વાદી દ્વારા લોક બનાવવા માટે રૂપિયા ૧,૦૦,૦૦૦/– માંગેલી જે રકમ પ્રતિવાદીએ પુરી પાડેલી હતી. વાદીએ બનાવેલા લોક ખામી ભરેલા હતા. ત્યારબાદ જી.એસ.ટીની રકમ ભરવા માટે વાદીએ બીજા રૂપિયા

૫૦,૦૦૦/– ની માંગણી કરેલી જે રકમ પણ પ્રતિવાદીએ પુરી પાડેલી હતી. પ્રતિવાદીને ત્યાં હજુ પણ વાદીએ મોકલાવેલ માલ પડી રહેલ છે, જેથી વાદીનો દાવો રદ કરીને પ્રતિવાદીની તરફેણમાં રૂપિયા ૫૦,૦૦૦/– કોસ્ટ ચુકવી આપવાનો આદેશ કરવા તેમજ પ્રતિવાદી દ્વારા વાદીને આપવામાં આવેલી રકમ પરત કરવાનો આદેશ કરી વાદીએ મોકલાવેલા લોક ફરીથી વાદી લઈ જાય તેવો હુકમ કરવા વિનંતી કરેલી છે.

(૯) પક્ષકારો દ્વારા કરવામાં આવેલ પ્લીડીંગ્સ તથા તે અનુસંધાને રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તેમજ કરવામાં આવેલી વિગતવારની દલીલો અને કાયદાની જોગવાઈ ધ્યાને લઈ મારા મુદ્દાના કારણો હું નીચે મુજબ જણાવું છું.

**–:: કારણો ::–**

**–: મુદ્દા નંબર–૧ :–**

(૧૦) વાદી દ્વારા હાલનો દાવો એવી હકીકતે રજૂ કરવામાં આવેલ છે કે, વાદી જામનગર મુકામે રોલેક્ષ મેટલ કોમ્પોનેન્ટ્સ નામની પેઢી ધરાવે છે. સદરહુ પેઢી દ્વારા બ્રાસ પ્રોડક્ટનું ઉત્પાદન તથા વેચાણ કરવામાં આવે છે. વાદીએ દાવા અરજીમાં જણાવેલ સદરહુ હકીકત સાબિત કરવા માટે જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે. જે પૈકી આંક–૧૭ નો દસ્તાવેજ ધ્યાને લેતા સદરહુ વેપાર ધંધા માટે વાદી પેઢીનું જી.એસ.ટી લાયસન્સ રજૂ કરવામાં આવેલ છે જેમાં વાદી પેઢીનું નામ લખવામાં આવેલું છે અને તેના પ્રોપરાઈટર તરીકે હાલનો દાવો દાખલ કરનાર ચિરાગ મકનભાઈ મુંગરાનાઓનું નામ પણ દર્શાવેલું છે. સદરહુ પેઢી પ્રોપરાઈટરશીપ તરીકે કાર્યરત છે તેવી હકીકતનો તેમાં ઉલ્લેખ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા વાદી દ્વારા જણાવવામાં

આવેલ સદરહુ હકીકત અદાલતના રેકર્ડ ઉપર સાબિત થાય છે. પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ જવાબની હકીકત ધ્યાને લેતા આ કામના વાદીની દાવા અરજીના પેરા– ૧માં જણાવેલી સદરહુ હકીકતોનો સીધી રીતે ઈનકાર કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં રજૂ કરવામાં આવેલ આંક–૧૩ નું સોગંદનામુ તથા તેના સમર્થનમાં રજૂ કરવામાં આવેલ આંક–૧૭ નુ જી.એસ.ટી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ધ્યાને લેતા વાદી મુદ્દા નંબર–૧ સાબિત કરવામાં સફળ થયેલ હોવાનું મારૂ માનવું છે જેથી મુદ્દા નંબર–૧નો જવાબ ન્યાયના હીતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૨ :–**

**(૧૧)** વાદીના કહેવા પ્રમાણે તેઓને પ્રતિવાદી સાથે ધંધાકીય વ્યવહાર ચાલી આવેલ હતો જેથી પ્રતિવાદીની જરૂરિયાત મુજબ વાદીએ રૂપિયા ૫,૫૮,૮૪૮/–નો માલ પુરો પાડેલ હતો. આ અનુસંધાને પ્રતિવાદી દ્વારા શરૂઆતથી જ એવો બચાવ લેવામાં આવેલ છે કે, પ્રતિવાદીએ વાદીને કોઈપણ માલ મોકલવા માટે ઓર્ડર આપેલ નથી તેમ છતાં વાદી દ્વારા ખોટી રીતે પ્રતિવાદીને માલ મોકલી આપવામાં આવેલ છે. હવે, રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા એ હકીકત સ્વિકૃત હકીકત છે કે, પ્રતિવાદી દ્વારા માલ મોકલી આપવા માટે વાદીને કોઈ લેખિત ઓર્ડર આપવામાં આવેલ નથી. વાદીની દાવા અરજીમાં પણ તેઓને પ્રતિવાદી તરફથી કોઈ લેખિત ઓર્ડર આપવામાં આવેલ હોય તેવી હકીકતનો ઉલ્લેખ નથી. વાદી દ્વારા આંક–૧૩ થી સરતપાસનું સોગંદનામુ રજૂ કરવામાં આવેલું છે. તે અનુસંધાને પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઊલટતપાસ દરમિયાન વાદી એ હકીકતનો સ્વિકાર કરે છે કે, પ્રતિવાદી તરફથી તેઓને કોઈ પરચેસ ઓર્ડર મળેલો નથી, પરંતુ તે સાથે વાદી દ્વારા એવો ખુલાશો કરવામાં આવેલો છે કે, પ્રતિવાદીને વોટ્સએપ ઉપર ક્વોટેશન મોકલાવામાં આવેલું હતું, જેમાંથી ભાવ જોઈને પ્રતિવાદીએ વાદીને માલ મોકલી આપવાનું જણાવેલું હતું. આમ, વાદીની રજૂઆત મુજબ

પ્રતિવાદી દ્વારા જે કોઈ ઓર્ડર આપવામાં આવેલો તે ઓર્ડર લેખિત સ્વરૂપમાં નહીં પરંતુ ક્વોટેશનનો અભ્યાસ કરીને મૌખિક સ્વરૂપમાં આપવામાં આવેલો હતો. જે ઓર્ડરને આધારે વાદી દ્વારા માલ મોકલી આપવામાં આવેલો છે તેવું વાદીનું કહેવું છે. આમ, પક્ષકારો વચ્ચે આ માલ બાબતે જે કોઈ વ્યવહાર થયેલ છે તે વ્યવહાર પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલા મૌખિક ઓર્ડરને આધારે થયેલો હોવાનું પ્રથમ દર્શનીય રીતે અદાલતના રેકર્ડ ઉપર આવે છે. આ કામે વાદી જણાવે છે તે મુજબ કોઈ ક્વોટેશન વાદીએ મોકલાવેલું ન હતું તેવો બચાવ પ્રતિવાદીનો નથી. વાદી જણાવે છે તે મુજબ મૌખિક રીતે ક્વોટેશનનો અભ્યાસ કર્યા બાદ પ્રતિવાદીએ માલ મોકલવાનું જણાવેલું તે હકીકત ખોટી હોવા બાબતે પ્રતિવાદી દ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. પ્રતિવાદીએ પોતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે પોતાના બચાવમાં રજૂ કરેલા જવાબની હકીકતો સાબિત કરવા માટે કોઈ સાક્ષી તપાસેલા નથી કે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને તેને પુરાવ અધિનિયમની જોગવાઈ મુજબ સાબિત કરેલા નથી. તેવા સંજોગોમાં પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલા બચાવની હકીકત પ્રતિવાદી સાબિત કરી શકેલા ન હોય ત્યારે વાદીએ આ અનુસંધાને જણાવેલી મૌખિક ઓર્ડરની હકીકતને દાવાના ખાસ સંજોગો ધ્યાને લેતા નહીં માનવાનું કોઈ કારણ રહેતું નથી. વાદી દ્વારા પ્રતિવાદીને સેમ્પલ મોકલવામાં આવેલ હતું તે બાબત પણ સ્વિકાર કરે છે. વાદી જણાવે છે તેવો માલ પ્રતિવાદીને મળી ગયેલ છે તે બાબતનો પણ પ્રતિવાદી સ્વિકાર કરે છે. પ્રતિવાદીનું માત્ર એટલુ કહેવું છે કે, ઓર્ડર વગર વાદીએ માલ મોકલાવેલ છે અને વાદીએ મોકલાવેલ માલ ખામી ભરેલ હોવાથી તે પરત લઈ જવાનું પ્રતિવાદી દ્વારા જણાવવામાં આવેલું છે. પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલા સદર બચાવ ઉપરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, આ કામના વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબનો માલ પ્રતિવાદીને મોકલાવેલ અને તે માલ પ્રતિવાદીને મળી ગયો છે, જે આજે પણ પ્રતિવાદીના કબજામાં છે.

(૧૧.૧) આ ઉપરાંત વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આંક–૧૫ થી ઈન્વોઈસ બીલ નંબર–૧૯/૨૨–૨૩ રજૂ કરવામાં આવેલ છે, જેમાં જણાવેલી હકીકત ધ્યાને લેતા રૂપિયા ૫,૫૮,૮૪૮/- ના એલ્યુમીનીયમ લોક બોડીનો માલ મોકલાવેલ હોવા બાબતે પ્રતિવાદીના નામનુ બીલ બનાવવામાં આવેલું છે. આ બીલ મુજબનો માલ આંક–૧૬ થી રજૂ કરેલા દસ્તાવેજ મુજબ વી–ટ્રાન્સ લી. કંપની દ્વારા વાદીએ પ્રતિવાદીને મોકલાવેલ છે, જેની સાથે ટેક્સ ઈન્વોઈસની કોપી જોડવામાં આવેલી છે. આ હકીકત ધ્યાને લેતા દાવા અરજીમાં જણાવ્યા મુજબની કિંમતનો માલ આ કામના પ્રતિવાદીને વાદી દ્વારા મોકલવામાં આવેલ હોવાની હકીકત સાબિત થાય છે. આમ પણ જ્યારે પ્રતિવાદી દ્વારા એ હકીકતનો સ્વિકાર કરવામાં આવેલ હોય કે તેઓને વાદી દાવા અરજીમાં જણાવે છે તે મુજબનો માલ મળી ગયેલ છે અને તે માલ પરત લઈ જવા માટે વાદીને જણાવવામાં આવેલું છે ત્યારે માલ મળી ગયેલ હોવાની સ્વિકૃતી આડકતરી રીતે પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ હોવાથી આ બાબતે વધુ ચર્ચા કરવી જરૂરી રહેતી નથી. તેવા સંજોગોમાં મુદ્દા નંબર–૨નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૩ :–**

(૧૨) વાદી દ્વારા દાવા અરજીમાં જણાવવામાં આવેલી હકીકત મુજબ પ્રતિવાદીને કુલ રૂપિયા ૫,૫૮,૮૪૮/– નો માલ મોકલવામાં આવેલ હતો. જે રકમ પૈકી તા. ૨૮/૦૯/૨૦૨૨ ના રોજ રૂપિયા ૧,૦૦,૦૦૦/– અને તા. ૨૫/૦૧/૨૦૨૩ ના રોજ રૂપિયા ૫૦,૦૦૦/– પ્રતિવાદી દ્વારા વાદીને ચુકવી આપવામાં આવેલા છે. આ હકીકતનો સ્વિકાર પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ જવાબમાં પણ કરવામાં આવેલ છે. પ્રતિવાદી માત્ર એવી હકીકત જણાવે છે કે, વાદીને જરૂરીયાત હોવાથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– તેઓ દ્વારા આપવામાં આવેલા હતા ત્યારબાદ જી.એસ.ટીની રકમ ભરવા માટે બીજા રૂપિયા ૫૦,૦૦૦/– વાદીને આપવામાં આવેલા હતા. આમ,

પ્રતિવાદી પણ તેઓ દ્વારા રૂપિયા ૧,૫૦,૦૦૦/- વાદીને ચુકવી આપેલ હોવાની હકીકત જણાવે છે, માત્ર તે રકમ ચુકવવા માટેનું કારણ અલગ દર્શાવવામાં આવેલ છે. આમ, વાદી દ્વારા જણાવવામાં આવેલી તેવી હકીકતોને પ્રતિવાદીની રજૂઆત ઉપરથી આડકતરી રીતે સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે આંક-૧૮ થી રજૂ કરવામાં આવેલ ખાતાના ઉતારાની નકલ ધ્યાને લેતા તેમાં આ અંગેનો હિસાબ વિગતવાર દર્શાવવામાં આવેલ છે અને રૂપિયા ૫,૫૮,૮૪૮/- ના કુલ માલમાંથી પ્રતિવાદી દ્વારા ચુકવી આપવામાં આવેલ રકમ રૂપિયા ૧,૫૦,૦૦૦/- બાદ કરતાં બાકી રહેતી રકમ રૂપિયા ૪,૦૮,૮૪૮/- ની રકમ પ્રતિવાદી પાસે લેવાની બાકી રહે છે તેવું અદાલતના રેકર્ડ ઉપર આવે છે. તેવા સંજોગોમાં મુદ્દા નંબર-૩નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

**-: મુદ્દા નંબર-૪ :-**

**(૧૩)** વાદીના કહેવા મુજબ તેઓ દ્વારા પુરા પાડવામાં આવેલા માલ અનુસંધાને બાકી રહેતી રકમ બાબતે પ્રતિવાદી પાસેથી વારંવાર પૈસાની ઉઘરાણી કરવા છતા પ્રતિવાદીએ બાકી રહેલી રકમ ચુકવી આપેલી નથી. એ હકીકત સ્વિકૃત હકીકત છે કે, રૂપિયા ૫,૫૮,૮૪૮/- ની રકમ પૈકી માત્ર રૂપિયા ૧,૫૦,૦૦૦/- પ્રતિવાદી દ્વારા ચુકવી આપવામાં આવેલા છે. બાકીની રકમ પ્રતિવાદી દ્વારા ચુકવી આપવામાં આવેલી નથી તે પણ સ્વિકૃત હકીકત છે. પ્રતિવાદીનો બચાવ એવો નથી કે, કેટલી રકમનો માલ વાદી દ્વારા મોકલી આપવામાં આવેલો તેટલી રકમ આ કામના પ્રતિવાદી દ્વારા પુરેપુરી ચુકવી આપવામાં આવેલી છે. જો કોઈ વ્યક્તિ બાકી રહેલી રકમ ચુકવી આપવા તૈયાર હોય અથવા તો ચુકવી આપશે તેવું જણાતું હોય તો સ્વાભાવિક રીતે જ રકમ વસુલ કરવા માટે દાવો કરીને ખર્ચ કરવામાં આવે નહીં. વાદીના કહેવા મુજબ તેઓએ પ્રતિવાદીને રકમ ચુકવી આપવા માટે વારંવાર જણાવેલું હોવા છતા અને રકમની માંગણી કરવામાં આવેલ હોવા છતાં રકમ પ્રતિવાદી દ્વારા

ચુકવી આપવામાં આવેલી નહીં. માંગણી કરવા છતાં રકમ ચુકવી આપેલ ન હોવાથી તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ વાદી દ્વારા આ બાબતે નોટીસ પણ મોકલવામાં આવેલી હતી. સદરહુ નોટીસની ઓફિસ કોપી આંક–૧૯ થી આ કામે રજૂ કરવામાં આવેલ છે, જેમાં દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ ચુકવી આપવા પ્રતિવાદીને અનુરોધ કરવામાં આવેલો છે. તેવી નોટીસમાં પણ વાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે, બાકી રકમ ચુકવી આપવા માટે અનેક વખત જણાવેલ હોવા છતાં પ્રતિવાદીએ રકમ ચુકવી આપેલ નથી. આમ, અનેક વખતની મૌખિક કે ટેલેફોનીક માંગણી કર્યા બાદ તે માંગણી નહીં સ્વિકારતા વાદી દ્વારા આ અંગેની લેખિત નોટીસ પણ પ્રતિવાદીને મોકલવામાં આવેલ છે જેથી બાકી રકમની ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદી દ્વારા બાકી રકમ ચુકવી આપેલ નથી તેવું જણાય આવતું હોય મુદ્દા નંબર–૪નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૫ :–**

(૧૪) પ્રતિવાદી દ્વારા એક બચાવ એવો લેવામાં આવેલ છે કે, વાદીને તેઓ દ્વારા કોઈ ઓર્ડર આપવામાં આવેલ નથી, પરંતુ માત્ર માલનું સેમ્પલ મંગાવેલ હતું જે પ્રતિવાદી દ્વારા રીઝેક્ટ કરવામાં આવેલ હોવા છતાં વાદી દ્વારા ખોટી રીતે માલ મોકલી આપવામાં આવેલો. આ તબક્કે એ હકીકત નોંધવી જરૂરી છે કે, પ્રતિવાદી દ્વારા પોતાના જવાબમાં જે કોઈ હકીકતો જણાવેલી છે અને જે કોઈ બચાવો લેવામાં આવેલા છે તે સાબિત કરવા માટે પ્રતિવાદીએ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા નથી. પ્રતિવાદીએ પોતાના બચાવના સમર્થનમાં પોતે સોગંદ ઉપરની જુબાની આપેલી નથી. પ્રતિવાદીના બચાવના સમર્થનમાં કોઈ સાક્ષી પણ તપાસવામાં આવેલા નથી તેમજ કોઈપણ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ તેને સાબિત કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી. જેથી પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલ બચાવ સાબિતી વગરના રહી જવા પામેલા

છે. આ કામે વાદી દ્વારા આપવામાં આવેલી સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા તેઓ સ્પષ્ટપણે એવી હકીકત જણાવે છે કે, પ્રતિવાદી દ્વારા પરચેસ ઓર્ડર મોકલવામાં આવેલ નથી, પરંતુ વોટ્સએપ ઉપર પ્રતિવાદીને ક્વોટેશન મોકલવામાં આવેલું હતું જેમાંથી ભાવ જોઈને પ્રતિવાદીએ વાદીને માલ મોકલવાનું કહેલું હતું. આમ, વાદીના કહેવા મુજબ ભલે લેખિત ઓર્ડર આપવામાં આવેલ ન હોય, પરંતુ ક્વોટેશન જોઈને મૌખિક ઓર્ડર આપવામાં આવેલ હતો. એ હકીકત સ્વિકૃત હકીકત છે કે, આ કામના વાદી દ્વારા પોતાના માલના વેચાણ માટે પ્રતિવાદીને સેમ્પલ મોકલવામાં આવેલ હતા. આ હકીકતનો સ્વિકાર પ્રતિવાદી પણ કરવામાં આવેલો છે. પ્રતિવાદીના કહેવા મુજબ આ સેમ્પલમાં કેટલીક ખામી હતી જે ખામી દુર કરી આપવા માટે વાદીએ સહમતી આપેલી. આમ, એ બાબત સ્પષ્ટ થયેલી છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે દાવા અરજીમાં જણાવ્યા મુજબનો માલ ખરીદ-વેચાણ કરવા માટે કાર્યવાહી થયેલી છે. એ હકીકત વાદી દ્વારા સ્વિકારવામાં આવેલ છે કે, પ્રતિવાદી દ્વારા ડિફેક્ટીવ સેમ્પલ હોવાનું જણાવવામાં આવેલ હતું, પરંતુ આ ડિફેક્ટ સુધારીને વાદી દ્વારા માલ પુરો પાડવામાં આવેલ હતો. આમ, જ્યારે વાદી દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદ ઉપરના પુરાવાથી અદાલતના રેકર્ડ ઉપર એવી હકીકત આવતી હોય કે સૌપ્રથમ સેમ્પલ મોકલવામાં આવેલ ત્યારબાદ સેમ્પલમાં રહેલ ખામીની જાણ પ્રતિવાદી દ્વારા વાદીને કરવામાં આવતા તે ખામી વાદી દ્વારા સુધારવામાં આવેલી અને ત્યારબાદ ક્વોટેશન જોઈને પ્રતિવાદી દ્વારા મૌખિક સુચના આપતા તે મુજબનો માલ પ્રતિવાદીને પુરો પાડવામાં આવેલો ત્યારે એ બાબત સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી દ્વારા માલ મોકલવા માટે મૌખિક ઓર્ડર આપવામાં આવેલો હતો. આ બાબતના વિરુદ્ધના કોઈ પુરાવા પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલા નથી. જો પ્રતિવાદીના કહેવા મુજબ સેમ્પલમાં રહેલી ખામી દુર કર્યા વગર અને પ્રતિવાદી દ્વારા માંગણી કર્યા વગર વાદીએ તેઓને માલ મોકલી આપેલ હોય તો પ્રતિવાદીએ આ માલ તેઓની માંગણી વગરનો છે અથવા તો તેઓની જરૂરીયાત વગરનો છે અથવા તો ખામી ભરેલો છે તેવી

હકીકતની જાણ કોઈપણ રીતે વાદીને કરેલી હોય અને તે અંગેનો પુરાવો પ્રતિવાદી પાસે ઉપલબ્ધ હોય, આવો કોઈ પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી. જો કોઈ વ્યક્તિને જરૂરીયાત વગર કે ઓર્ડર વગર માલ મોકલી આપવામાં આવે તો તે માલ સ્વિકારવાનો જે તે વ્યક્તિ ઈનકાર કરી શકે. હાલના કિસ્સામાં વાદી દ્વારા પ્રતિવાદીને જે માલ પુરો પાડવામાં આવેલ છે તે માલ ટ્રાન્સપોર્ટર દ્વારા મોકલવામાં આવેલ છે. જો પ્રતિવાદીએ આવો કોઈ માલ મંગાવેલ ન હોય તો તેઓએ વાદી દ્વારા મોકલાવેલ માલ છોડાવવાની કોઈ જરૂરીયાત જ ન હતી. જયારે ટ્રાન્સપોર્ટર દ્વારા માલ મોકલવામાં આવે ત્યારે જે વ્યક્તિએ માલ છોડાવવાનો છે તે વ્યક્તિને તે અંગેના દસ્તાવેજો મોકલવામાં આવે છે અને તેવા દસ્તાવેજો બતાવીને જ માલ છોડાવી શકાય કે જેથી યોગ્ય વ્યક્તિને માલ મળેલો છે તે બાબત પુરવાર થઈ શકે. હાલના કિસ્સામાં પ્રતિવાદીએ પોતાની પાસે રહેલા તેવા કોઈપણ દસ્તાવેજો બતાવીને વી–ટ્રાન્સ ઈન્ડીયા લી. કંપનીમાંથી સદરહુ માલ છોડાવેલો હોય તો તે બાબત એ દર્શાવવા પુરતી છે કે, મોકલવામાં આવેલો માલ પ્રતિવાદી દ્વારા મંગાવવામાં આવેલો હતો. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા પ્રતિવાદી એ હકીકત અદાલતના રેકર્ડ ઉપર સાબિત કરી શકેલા નથી કે, તેઓની માંગણી વગર વાદી દ્વારા ખોટી રીતે માલ મોકલી આપવામાં આવેલ હતો અને સદરહુ માલ ડિફેક્ટીવ હતો જેથી પ્રતિવાદી દ્વારા તે રીઝેક્ટ કરવામાં આવેલો હતો. તેવા સંજોગોમાં મુદ્દા નંબર–૫નો જવાબ ન્યાયના હિતમાં **"નકારમાં"** આપવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૬ :–**

(૧૫) પ્રતિવાદીના કહેવા મુજબ વાદી દ્વારા જે સેમ્પલ મોકલવામાં આવેલ હતું તે સેમ્પલમાં કેટલીક ખામી હોવાનું વાદીને જણાવવામાં આવેલું. ત્યારબાદ વાદી દ્વારા રૂપિયા ૧,૦૦,૦૦૦/– ની માંગણી એવી સરતે કરવામાં આવેલી હતી કે, જે ખામી સદરહુ માલમાં છે તે સુધારવા માટે કેટલોક ખર્ચ કરવો જરૂરી છે

જેથી રૂપિયા ૧,૦૦,૦૦૦/– એડવાન્સ તરીકે વાદીને આપવામાં આવે અને ભવિષ્યમાં ખામી વગરનો જે માલ પ્રતિવાદી દ્વારા ખરીદ કરવામાં આવે તેમાંથી તે રકમ બાદ કરવામાં આવશે. જેથી પ્રતિવાદી દ્વારા રૂપિયા ૧,૦૦,૦૦૦/– વાદીને ચુકવી આપવામાં આવેલા હતા, અલબત વાદી આ હકીકતનો ઈનકાર કરીને તેવું જણાવે છે કે, વાસ્તવમાં વાદી દ્વારા પુરા પાડવાના થતા માલ બાબતે આ રકમ ચુકવી આપવામાં આવેલી છે. પ્રતિવાદીએ રૂપિયા ૧,૦૦,૦૦૦/– વાદીને ચુકવી આપેલ છે તે બાબત સ્વિકૃત હકીકત છે, આ બાબતે પક્ષકારો વચ્ચે કોઈ વિવાદ નથી. વિવાદ માત્ર આ રકમ ક્યાં હેતુથી આપવામાં આવેલી તે અંગેનો છે. આ બાબતે દાવાના કોઈપણ પક્ષકારે એવો કોઈપણ સીધો પુરાવો રજૂ કરેલો નથી કે જેના ઉપરથી આ રકમ ક્યાં હેતુંથી આપવામાં આવેલી તે બાબત સાબિત થઈ શકે. તેવા સંજોગોમાં જ્યારે આ ઈસ્યુ સાબિત કરવાનો હોય પ્રતિવાદી ઉપર રાખવામાં આવેલ હોય ત્યારે આ અંગેનો કોઈ જ પુરાવો રજૂ કરવામાં ન આવે તો તે બાબત પ્રતિવાદીની વિરુદ્ધ જાય છે.

(૧૫.૧) આ ઉપરાંત પ્રતિવાદી દ્વારા એવી હકીકત જણાવવામાં આવી છે કે, વાદીએ પુરા પાડેલ માલમાં જે ખામી હતી તે ખામી દુર કરી આપવા માટે વાદીએ ખાતરી આપેલી હોવા છતાં તેવી ખામી વાદી દ્વારા દુર કરવામાં આવેલ નથી. એ હકીકત સ્વિકૃત હકીકત છે કે, વાદીએ સૌપ્રથમ મોકલાવેલ સેમ્પલમાં ખામી હતી તે બાબત વાદી પણ પોતાની ઊલટતપાસ દરમિયાન સ્વિકારે છે. એ બાબત પણ સ્વિકૃત હકીકત છે કે, આ ખામી દુર કરી આપવા માટે વાદી દ્વારા ખાતરી આપવામાં આવેલી હતી. હવે વિવાદ માત્ર એ છે કે, આ ખાતરી બાદ વાદી દ્વારા મોકલવામાં આવેલ એક સામટા માલમાં આવી ખામી રહેલી હતી કે, કેમ ? તે બાબતે દાવાના કામે કોઈ પુરાવો પ્રતિવાદી રજૂ કરી શકેલા નથી. સ્વાભાવિક રીતે જ પ્રતિવાદીના કહેવા મુજબ વાદીએ મોકલાવેલ માલમાં ખામી હતી તો તે હકીકત પ્રતિવાદીએ અદાલતના રેકર્ડ ઉપર મુકવી પડે. ખામી ભરેલા માલ બાબતે પ્રતિવાદીએ વાદીને કોઈ પત્ર લખેલ હોય,

ઈ–મેઈલ મોકલાવેલ હોય કે નોટીસ આપેલી હોય તેવું બનવા પામેલ નથી. આજ દીન સુધી તેવો માલ પ્રતિવાદીએ વાદીને પરત મોકલાવી દીધેલ હોય તેવું પણ બનવા પામેલ નથી. વાદીના કહેવા મુજબ સદરહુ માલ તા. ૧૫/૦૮/૨૦૨૩ ના રોજના ઈ–વે બીલ મારફતે પ્રતિવાદીને મોકલી આપેલો છે, જ્યારે હાલનો દાવો તા. ૨૭/૧૧/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલો છે. આમ, વાદી દ્વારા માલ મોકલાવ્યા બાદ ૧૫ મહિનાથી વધુ સમય થઈ ગયેલ હોવા છતાં આ માલ પરત મોકલવા માટે અથવા તો તે માલ વાદી પરત લઈ જાય તે માટે પ્રતિવાદીએ કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું બનવા પામેલું નથી. જેથી માલ ખામી ભરેલો હોવાની હકીકત તે અંગેના સ્પષ્ટ પુરાવા વગર અદાલત સાચી માની શકે નહીં. આ માલ ખામી ભરેલો હોવા બાબતનો કોઈ પુરાવો અદાલતના રેકર્ડ ઉપર ન હોય મુદ્દા નંબર–૬નો જવાબ ન્યાયના હિતમાં "**નકારમાં**" આપવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૭ :–**

**(૧૬)** વાદીના કહેવા મુજબ તેઓની કાયદેસરની લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા માટે હકકદાર છે. પક્ષકારો વચ્ચે બાકી લેણી રકમ ઉપર કોઈ પણ પ્રકારનુ વ્યાજ ચુકવવાનુ નકકી થયુ હોય તેવુ દર્શાવતો કોઈ દસ્તાવેજ કે કરાર અદાલતના રેકર્ડ ઉપર મુકવામાં આવેલ નથી. પક્ષકારો વચ્ચે કોઈ પણ પ્રકારનુ વ્યાજ ચુકવવાનુ નકકી થયેલુ છે અને તેનો દર ચોકકસ રીતે નકકી કરવામાં આવેલ છે, તેવી હકિકત વાદીની દાવા અરજીમાં નથી અને પુરાવામાં પણ સ્પષ્ટતા નથી. આવા સંજોગોમાં અદાલત પોતાને યોગ્ય લાગે તો, યોગ્ય કિસ્સામાં બાકી રહેતી રકમ ઉપર કોઈ ચોકકસ દરે વ્યાજ ચુકવવાનો હુકમ કરી શકે. આવો હુકમ દરેક કિસ્સામાં કરવો જરૂરી નથી. આ તમામ બાબત દાવાની હકિકતો અને સંજોગો ઉપર આધાર રાખે છે. હાલના કિસ્સામાં આ કામનાં પ્રતિવાદીએ વાદી પાસેથી મેળવેલ વસ્તુઓની ચુકવવાપાત્ર થતી રકમ પુરે પુરી ચુકવી આપેલ ન હોય બાકી રકમ ઉપર

વ્યાજ અપાવવુ જોઈએ તેવુ મારૂ માનવુ છે. સામાન્ય રીતે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે સ્પષ્ટતા કે કરાર ન હોય ત્યારે સિવિલ પ્રોસીઝર કોડની કલમઃ–૩૪ ધ્યાને લઈ બેન્કમાં મુકવામાં આવતી થાપણ ઉપર બેન્ક દ્વારા ચુકવવામાં આવતુ વ્યાજ વાદીને અપાવવાનો પ્રતિવાદી વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ મારૂ માનવુ છે. જેથી આ કામનાં વાદી પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર છે તેવુ ઠરાવવામાં આવે છે અને આ વ્યાજ દાવો કર્યા તારીખથી રકમ વસુલ આવે ત્યાં સુધીની વાર્ષિક ૬ (છ) ટકા નકકી કરવામાં આવે છે. જેથી **મુદ્દા નંબર–૭** નો જવાબ ન્યાયના હિતમાં "**હકારમાં**" આપી વાદી વાર્ષિક ૬ ટકા લેખે બાકી રકમ રૂપિયા ૪,૦૮,૮૪૮/– ઉપર વ્યાજ મેળવવા માટે હક્કદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે.

**–: મુદ્દા નંબર–૮ :–**

(૧૭) કરવામાં આવેલ જુદા જુદા મુદ્દાઓના કારણોની ચર્ચા ધ્યાને લેતા એ બાબત સાબિત થાય છે કે, આ કામના વાદીએ આ કામના પ્રતિવાદીને કુલ રૂપિયા ૫,૫૮,૮૪૮/– ની રકમનો માલ પુરો પાડેલ હતો. સદરહુ વ્યવહાર અનુસંધાને દાવો કરવામાં આવ્યો તે તારીખ સુધીમાં કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/– આ કામના પ્રતિવાદી દ્વારા ચુકવી આપવામાં આવેલા છે જેથી વાદીએ પુરા પાડેલ માલ અનુસંધાને દાવો કરવામાં આવ્યો તે તારીખે રૂપિયા ૪,૦૮,૮૪૮/– ની રકમ વાદીએ કાયદેસર રીતે પ્રતિવાદી પાસેથી લેવાની બાકી રહેતી હતી. સદરહુ રકમ નિયત સમયમાં પ્રતિવાદી દ્વારા ચુકવી આપેલ ન હોવાથી વાદી તેવી રકમ ઉપર ૬ ટકા લેખે વ્યાજ મેળવવા માટે હક્કદાર હોવાનું મુદ્દા નંબર–૭ માં ઠરાવવામાં આવેલું છે, તે ધ્યાને લેતા વાદી દાવા અરજીના પેરા–૧૦ માં માંગ્યા મુજબની તમામ દાદ મેળવવા હક્કદાર બનતા નથી, પરંતુ તે પૈકીની કેટલીક દાદ મેળવવા માટે હક્કદાર બનતા હોય મુદ્દા નંબર–૮નો જવાબ ન્યાયના હિતમાં "**અંશતઃ હકારમાં**"

આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૯ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) વાદીનો દાવો અંશ:ત મંજુર કરવામાં આવે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, આ કામના વાદી આ કામના પ્રતિવાદીઓ પાસેથી વાદીએ પુરા પાડેલ માલની બાકી રહેતી રકમ રૂપિયા ૪,૦૮,૮૪૮/– (અંકે રૂપિયા ચાર લાખ આઠ હજાર આઠસો અડતાલીસ પુરા) વાર્ષિક ૬ ટકા લેખે દાવો કર્યા તારીખથી આ રકમ વસુલ આવે ત્યાં સુધીના વ્યાજ સહિત વસુલ મેળવવા માટે હક્કદાર બને છે અને પ્રતિવાદીઓ તે રકમ ચુકવી આપવા માટે જવાબદાર છે.

(૩) આથી પ્રતિવાદીઓનાઓને આદેશ કરવામાં આવે છે કે, વાદીની બાકી રહેતી લેણી રકમ રૂા. ૪,૦૮,૮૪૮/– (અંકે રૂપિયા ચાર લાખ આઠ હજાર આઠસો અડતાલીસ) દાવો કર્યા તારીખથી રકમ વસુલ આવે તે તારીખ સુધીનું વાર્ષિક ૬ ટકાના દરે આ હુકમ થયાના દિન–૩૦ માં ચુકવી આપવી. જો પ્રતિવાદીઓ તેવી રકમ ચુકવવામાં કસુર કરે તો વાદી પોતાની લેણી રકમ વ્યાજ સહિત પ્રતિવાદીઓની તમામ મિલકતમાંથી વસુલ લેવા માટે હક્કદાર બનશે.

(૪) પ્રતિવાદીઓએ પોતાને થયેલ ખર્ચ જાતે ભોગવવાનો રહેશે તેમજ વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ વાદીને ચુકવી આપવાનો રહેશે.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તારીખ–૧૮ મી, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

જામનગર,
તા. ૧૮/૦૩/૨૦૨૬

**(એમ.કે.ખેર)**
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ, અને
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જામનગર.
કોડ નં.જી.જે–૦૦૮૫૯